# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

ડૉ. એ.એન સાબલપરા
**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
એકસ.૧૧૦૭
ફેકસ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨

જા.નં.નકૃયુ/સંનિ/ટી.૩/ ૭૫૦૩-૦૪/૨૦૧૨ **તા.** ૦૪/૦૬/૨૦૧૨

# પરિપત્ર

આથી સર્વે મુખ્ય માર્ગદર્શકો ને જણાવાનુ કે, પીએચ.ડી વિધાર્થી ની થિસિસ વાયવા પરિક્ષા પુર્ણ થયા બાદ પક્કા બાઉન્ડ થિસિસની બે નકલ આચાર્યશ્રીની કચેરી મારફતે કુલસચિવશ્રીની કચેરીમાં મોકલવામાં આવતી અને આ બંને નકલો વિધાર્થીના નોટીફિકેશન સાથે ગ્રંથપાલને મોકલી આપવામાં આવતી હતી.

હવેથી, **ICAR** ની સુચના મુજબ યુનિવર્સિટીખાતે જમા કરેલ દરેક પીએચ.ડી થિસિસએ **KrishiPrabha** પ્રોજેક્ટ માટે નેહરુ લાયબ્રેરી, હિસાર **Replica Format** ( હાર્ડકોપી મુજબ થિસિસના ટાઇટલ પેઇઝથી પુર્ણ થાય ત્યા સુધી એકજ ફાઇલ **PDF** ફોરમેટમાં) માં યુનિવર્સિટી લાયબ્રેરીએ મોકલવાની રહે છે.

ઉપરોક્ત બાબતે ફેરવિચારણા કરીને ગ્રંથાલય સમિતીની સાતમી બેઠકના મુદ્દા નં ૭.૧૬ થી સર્વાનુમત્તે ઠરાવવામાં આવ્યુ કે, હવેથી પીએચ.ડી વિધાર્થીની થિસિસ વાયવા પરીક્ષા પુર્ણ થયા બાદ પક્કા બાઉન્ડ થિસિસની બે નકલ હાર્ડકોપી અને એક સોફ્ટ કોપી **Replica Format** માં આચાર્યશ્રીની કચેરીમાં જમા કરાવે તેમજ એક સોફ્ટ કોપી **Replica Format** માં યુનિવર્સિટી લાયબ્રેરીમાં જમા કરાવીને તેનુ પ્રમાણપત્ર મેળવી આચાર્યશ્રીની કચેરીમાં જમાં કરવાનુ રહેશે. આચાર્યશ્રીની કચેરીથી થિસિસ વાયવાના રિપોર્ટ સાથે પક્કા બાઉન્ડ થિસિસની એક હાર્ડકોપી, એક સોફ્ટ કોપી (**Replica Format**માં) તેમજ **Replica Format** માં યુનિવર્સિટી લાયબ્રેરીમાં થિસિસની સોફ્ટકોપી જમા કરાવી છે તેનુ પ્રમાણપત્ર સામેલ કરી કુલસચિવશ્રીની કચેરીમાં મોકલી આપવાનુ રહેશે. ઉપરોક્ત પ્રક્રિયા પુર્ણ થયે જ નોટિફીકેશનની કાર્યવાહી હાથધરવામાં આવશે.

નોંધ: ** ઉપરોકત પ્રક્રિયાનો માત્ર પીએચ.ડી. કક્ષાએ જ અમલ કરવાનો રહેશે. માસ્ટર ડિગ્રી કક્ષાએ રાબેતામુજબની પ્રવર્તમાન પ્રક્રિયા જ અનુસરવાની રહેશે.

** **Replica Format** માં થિસિસની સોફ્ટકોપી તૈયાર કરવા વિધાર્થીઓ યુનિવર્સિટી ગ્રંથપાલશ્રી ની મદદ લઇ શકે છે

** ઉપરોક્ત બાબતનો ચુસ્તપણે અમલ તા.૦૧/૦૬/૨૦૧૨થી કરવાનો રહેશે.

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**